**Publication: Gujrat Samachar**

**Headline: Sona tatha chandi arambhik ucchado pachi vaddhia bhav thi ghatado**

**Edition: Pan India**

**Date: 20th September 2011**

**Coverage**



**કોમોડિટીઝના પ્રવાહો**

# સોના તથા ચાંદીમાં આરંભિક ઉછાળા પછી વધ્યા ભાવથી ઘટાડો

## વિશ્વ બજારમાં સોનાના ભાવો ઉંચામાં ૧૮૨૭.૬૦ ડોલર થઈ નીચામાં ૧૭૭૭ ડોલર બોલાયા

(ગુજરાત સમાચાર કાર્યાલય) મુંબઈ,બુધવાર



મુંબઈ સોના-ચાંદી બજારમાં આજે બંને કિંમતી ધાતુઓના ભાવો આરંભમાં ઉછળ્યા પછી ઘટાડા પર રહ્યા હતા. ચાંદીના ભાવો કિલોના ૯૯૯ના રૂ.૬૪૪૨૫ વાળા આજે રૂ.૬૪૮૯૦ ખુલી રૂ.૬૪૫૯૫ બંધ રહ્યા હતા. સોનાના ભાવો ૧૦ ગ્રામના ૯૯.૫૦ના રૂ.૨૭૮૦૦ વાળા રૂ.૨૮૧૯૫ ખુલી રૂ.૨૮૧૬૦ બંધ રહ્યા હતા જ્યારે ૯૯.૯૦ના ભાવો રૂ.૨૭૯૧૦ વાળા રૂ.૨૮૩૨૦ ખુલી રૂ.૨૮૩૦૦ બંધ રહ્યા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવો ૧૮૧૩ વાળા ઉંચામાં ૧૮૨૭.૬૦ ડોલર થયા પછી નીચામાં ૧૮૦૮.૫૦ થઈ સાંજે ૧૮૧૫.૫૦ ડોલરહ રહ્યાના સમાચારો હતા. ચાંદીના ભાવો વિશ્વ બજારમાં ૪૦.૬૬ વાળા આજે ઉંચામાં ૪૦.૭૭ થયા પછી નીચામાં ૪૦.૧૧ થઈ સાંજે ૪૦.૧૫ ડોલર રહ્યાના સમાચારો હતા. વિશ્વ બજાર વધીને ઘટતાં મુંબઈ બજારમાં પણ આજે સોના-ચાંદીમાં ઉછાળે નવી લેવાલી ધીમી રહેતાં માનસ વેંચવાનું રહ્યું હતું. મુંબઈમાં સાંજે ચાંદીના ભાવો રૂ.૬૪૪૫૦થી ૬૪૫૦૦ તથા કેશમાં રૂ.૬૪૨૫૦થી ૬૪૩૦૦ રહ્યા હતા. ૧૦૦ કિલોના વેપારો થયા હતા. ડોલરના ભાવો રૂ.૪૭.૨૭ વાળા આજે ઉંચામાં રૂ.૪૭.૮૫ થઈ છેલ્લે રૂ.૪૭.૮૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં પણ અમેરિકાના પ્રમુખ ઓબામાની સ્પીચ તથા ફેડરલ રિઝર્વની મિટિંગ પૂર્વે ડોલરના ભાવો વધતાં સોનામાં ઉછાળે હેજફંડોની વેચવાલી રહ્યાની ચર્ચા હતી. વિશ્વ બજારમાં મોડી સાંજે સોનાના ભાવો તૂટી ૧૭૯૦ થઈ ૧૭૯૫ ડોલર તથા ચાંદીના ભાવો ઘટી ૩૯.૫૦ થઈ ૩૯.૫૭થી ૩૯.૫૮ ડોલર રહ્યાના સમાચારો હતા. મુંબઈમાં છેલ્લે સોનાના ભાવો ૯૯.૫૦ના રૂ.૨૭૯૦૦, ૯૯.૯૦ના રૂ.૨૮૦૩૦, ૧૦ તોલાના બિસ્કિટના રૂ.૩૨૭૪૦૦ તથા ચાંદીના રૂ.૬૩૭૦૦ આસપાસ રહ્યા હતા. RSBL SPOT ઓનલાઈન ટ્રેડિંગમાં આજે સોનાના ભાવો રૂા. ૨૭૭૮૫ ખુલી રૂા. ૨૮૨૧૬ અને ૨૭૭૮૧ વચ્ચે અથડાઈ રૂા. ૨૭૮૪૯ રહ્યા હતા. હાજર ડીલીવરી વોલ્યુમ આજર ૩૬૦.૦૦ કિલોનું થયું હતું.